# સતત વરસાદના પગલે ગરબાના આયોજકો-ખેલૈયાઓ ચિંતામાં

## નવરાત્રી શરૂ થવાને આડે હવે માત્ર ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે ત્યારે તૈયારી માટે વરસાદ બંધ થાય તે જરૂરી

ગાંધીનગર, તા. ૨૬

છેલ્લા એકાદ અઠવાડિયાથી મેઘાએ ભારે બધડાટી બોલાવી છે. ભારે વરસાદ પડતા શહેરમાં ઠેર ઠેર વરસાદી



પાણી ભરાઈ ગયા છે. વરસાદ બંધ ન થતા નવરાત્રીના આયોજકો ચિંતામાં મુકાઈ ગયા છે. જો એકાદ-બે દિવસમાં વરસાદ બંધ ન થાય તો આ ચિંતા વધુ ઘેરી બની શકે છે.

ભાદરવા માસના અંતિમ તબક્કામાં મેઘાના આકરા મિજાજનો પરિચય થઈ રહ્યો છે. છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલા છે અને અવારનવાર જોરદાર વરસાદી ઝાપટુ પડી જાય છે. ક્યારેક ધીમીધારે તો ક્યારેક એક સાથે બે-ત્રણ ઈંચ વરસાદ પડી જાય છે. આ વરસાદી માહોલ હજુપણ થોડાક દિવસ યથાવત રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરતા નવરાત્રીના આયોજકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. આસો માસના પ્રથમ દિવસથી નવરાત્રી શરૂ થઈ જાય છે. અંગ્રેજી તારીખ મુજબ આગામી ૫ મી ઓક્ટોબરથી નવરાત્રીનો પ્રારંભ થશે. હવે જ્યારે નવરાત્રીને આડે માંડ થોડાક દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ઉઘાડ નીકળવો જરૂરી બન્યો છે. શહેરમાં ત્રણેક સ્થળે પાર્ટીપ્લોટના ગરબા અને સેક્ટરોમાં શેરી ગરબાઓનું આયોજન કરવામાં આવે છે. વરસાદ પડતા હજુ સુધી નવરાત્રીનું આયોજન થઈ શક્યું નથી. મેદાનોમાં પાણી ભરાયેલા હોવાથી મંડપ સહિતની કામગીરી ખોરંભે પડી છે. નવરાત્રીનું આયોજન પાછળ ઠેલાઈ રહ્યું છે. હજુ જો એકાદ બે દિવસમાં વરસાદ બંધ નહી થાય તો આ ચિંતા વધુ ઘેરી બનવાની સંભાવના છે. હવામાન વિભાગે હજુ થોડાક દિવસ વરસાદ પડશે તેવી આગાહી કરતા આયોજકોના માથે ચિંતાની લકીર જોવા મળી રહી છે.


# સે. ૨૪માં ગીતો ડાઉનલોડ કરતી મોબાઈલની દુકાનમાં દરોડો

## કંપનીના લાયસન્સ વગર ડાઉનલોડ કરનાર દુકાનદાર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ ખાતે સ્થિત એક મોબાઈલની દુકાનમાં કંપનીની લાયસન્સ વગર જ મોબાઈલોમાં ગીતો ડાઉનલોડ કરી અપાતા હોવાનું ધ્યાને આવતાં કંપનીના એજન્ટે દરોડો પાડીને દુકાનદાર સામે સે. ૨૧ પોલીસમથકમાં કોપી રાઈટ અંગે ગુનો નોંધાવ્યો હતો. પોલીસે દુકાનદારની ધરપકડ કરી લીધા બાદ જામીન પર મુક્ત થયો હતો. ડાઉનલોડીંગ કરવામાં રેડ પડવાના સમાચાર વાયુ વેગે પ્રસરી જતાં મોબાઈલની દુકાન ધરાવતા અને ગેરકાયદે ડાઉનલોડીંગ કરતા દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

શમરૂ કંપનીના ઈન્વેસ્ટીગેશન પ્રા.લી. એજન્ટ સુનિલ મહેન્દ્રસિંહ વોરાએ સે. ૨૪ ખાતે ગુજરાત હાઉસીંગ બોર્ડની દુકાન નં. ૧૦૫માં ચાલતી એન.કે. મોબાઈલ વર્લ્ડ નામની દુકાનમાં તપાસ કરી હતી. જેમાં કંપનીના લાયસન્સ લીધા વગર મોબાઈલ ફોનમાં જુના-નવા ગીતો ડાઉનલોડ કરી અપાતુ હતુ. મુળ રાંધેજાના આ દુકાનદાર નવાંગ સુરેશભાઈ સુખડીયા સામે કોપીરાઈટને મામલે સુનિલ વોરાએ સે. ૨૧ પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે દુકાનદાર સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી લીધી હતી. દુકાનદાર જામીન પર મુક્ત થઈ ગયો છે.



ખખડધજ બસ સ્ટેન્ડ - ગાંધીનગરમાં સચિવાલય, ઉદ્યોગ ભવન અને વિવિધ સરકારી અને બિન સરકારી કચેરીઓમાં ફરજ બજાવવા આવતા અધિકારી-કર્મચારીઓને ગાંધીનગર થી અમદાવાદ અને અમદાવાદ થી ગાંધીનગર આવવા - જવા માટે સરળતા રહે તે માટે ગાંધીનગરમાં સચિવાલય પાસે અને ઉદ્યોગ ભવન પાછળ એસ.ટી. તંત્ર દ્વારા પોઈન્ટની બસો માટેના સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા છે... પરંતુ ઉદ્યોગ ભવન પાછળ આવેલા પાઈન્ટના બસ સ્ટેન્ડની હાલત જાણે કે ખંડેર જેવી બની ગઈ છે... કોઈ રણીધણી ન હોય તેમ બસ એમ જ ઉભા હોય એવું દૃશ્યામાન થાય છે... (તસવીર : દિપક જાની)

# કેનાલ ફરતે કરેલી લોખંડની રેલીંગ ચોરી જતી ટોળકી સક્રીય

## લીંબડીયા કેનાલ ફરતેની વજનદાર રેલીંગ ચોરાઈ ગઈ...! જીંદગી બચાવવાના હેતુથી કરાયેલી કામગીરીમાં પણ હવે ચોરો નડતરરૂપ બન્યા

ગાંધીનગર, તા.૨૬

લોકોની જીંદગી બચાવવા માટેના હેતુસર નર્મદા કેનાલની ફરતે લગાડવામાં આવેલી લોખંડની વજનદાર રેલીંગને પણ હવે ચોરોએ બક્ષી નથી. લીંબડીયા નર્મદા પુલની બંને બાજુએથી રેલીંગ ઉખાડીને ચોરી કરી કોઈ ટોળકી ફરાર થઈ ગઈ છે જો કે આ અંગે હજુ સુધી કોઈ પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી. જોકે આ શરુ થયેલી ચોરીઓ અટકાવવાની દિશામાં વિચારણા નહીં થાય તો કદાચ કેનાલનો આખો પટ્ટો રેલીંગ વિનાનો થઈ જશે તેમ કહેવું અતિશયોકિત નથી.

વાહનચોરી, ઘરફોડ ચોરી, કેબલ ચોરીથી માંડીને વિવિધ પ્રકારની ચોરીઓ કરતી અલગ અલગ ગેંગ સક્રીય થઈ છે ત્યારે હવે એક નવી પ્રકારની ચોરી કરતી ટોળકી સક્રીય થવા પામી છે. લોકોની જીંદગી બચાવવા માટે કેનાલને ફરતે લોખંડની રેલીંગ ચારેય તરફ કરવામાં આવેલી છે. આ રેલીંગના વજનદાર લોખંડને ચોરી કરીને રૂપિયા ઉભા કરી નાંખતી આ ગેંગ લોકોના જીવ સાથે ખીલવાડ કરી રહી છે. કેનાલની ફરતેની આ રેલીંગ લીંબડીયા કેનાલ પાસેથી તો સાવ ગાયબ થઈ ગઈ છે. જો કે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

# એચ.આઈ.વી. પોઝીટીવ બાળકોને લાયોનેસ કલબ દ્વારા સ્કૂલ યુનિફોર્મ અપાયા

ગાંધીનગર, તા. ૨૬

માતા-પિતાની છત્રછાયા ગુમાવનાર એચ.આઈ.વી. પોઝીટીવ બાળકોને લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સ્કૂલ યુનિફોર્મ અને પગરખાનું વિતરણ કરવામાં આવ્યું છે.

લાયોનેસ કલબના પ્રમુખ શ્રીમતી આરતીબેન ભટ્ટે જણાવ્યું હતું કે, ગાંધીનગરની અલગ-અલગ સ્કૂલોમાં ભણતા એચ.આઈ.વી. પોઝીટીવ બાળકોને કલબ તરફથી તેમની સ્કૂલોના યુનિફોર્મ અને પગરખાનું વિતરણ કરીને સામાજિક જવાબદારી નિભાવવાનો એક સંવેદનશીલ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. આ ઉમદા કાર્ય માટે લાયોનેસ કલબના શ્રીમતી ઈલાબેન જોષી, શ્રીમતી અંજલીબેન ભટ્ટ, શ્રીમતી ચંદા યાદવ અને શ્રીમતી અર્ચના દવેએ આર્થિક યોગદાન આપ્યું હતું. યુનિફોર્મ અર્પણ વિધિ વખતે ભૂતપૂર્વ પ્રમુખ શ્રીમતી ભાવનાબેન પટેલ, શ્રીમતી ઉષાબેન ગજ્જર, લાયોનેસ સેક્રેટરી શ્રીમતી મીનાક્ષી જયસિંઘાણી, ચંદા યાદવ, વૈશાલી જોષી અને અર્ચના દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



સેક્ટર-૩એ, અંબાજી મંદિર પાસે ભારે વરસાદને કારણે પડેલા ભુવાને પુરવાનું કામ ત્રણ-ચાર દિવસમાં પુરું કરવાના આયોજન સાથે તંત્રએ કામગીરી હાથ ધરી છે... શહેરમાં અનેક જગ્યાએ પડેલા ભુવાઓ તાકિદે પુરાય તો વાહન ચાલકોની હાલાકી અટકાવી શકાય. (તસવીર : કશ્યપ નિમાવત)

# કલોલના ૧૭ ગામ માણસામાં જોડો અને માણસા અખંડિત રાખવા પ્રસ્તાવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ૧૭ ગામો માણસા તાલુકામાં ભેળવવા તેમજ અલગ બનાવાયેલા ગોઝારિયા તાલુકામાં માણસાના ૩ ગામોને યથાવત રાખવા માટે સરકારમાં અસરકારક રજુઆત કરવાનો નિર્ણય પંચાયતની સામાન્ય સભામાં લેવાયો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભામાં ધારાસભ્ય અને પંચાયતના સભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ આ પ્રસ્તાવ અધ્યક્ષ સ્થાનેથી રજુ કર્યો હતો. જે બહુમતિથી પસાર કરવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલની અધ્યક્ષતામાં મળેલ સામાન્ય સભામાં કલોલ તાલુકાના ૧૭ ગામોને માણસામાં ભેળવવાનો નિર્ણય ચર્ચા વિના જ મંજૂર કરી દેવાયો હતો.

જયારે માણસામાંથી ગોઝારિયા તાલુકામાં ભેળવાયેલા ૩ ગામોને માણસામાં યથાવત્ રાખવાના મુદ્દે વિપક્ષી નેતા શકુંતલાબેન પટેલ અને અમીત ચૌધરી વચ્ચે શાબ્દીક યુદ્ધ ખેલાયું હતું.

શકુંતલાબેન પટેલે જણાવ્યું હતું કે પંચાયતોએ પ્રસ્તાવ પસાર કર્યા છે ત્યારે આવો વિવાદ ટાળવો જોઈએ. જો કે અમીત ચૌધરીએ જણાવ્યું હતું કે સભ્યોને ગેરમાર્ગે દોરવાની જરૂર નથી આવા કોઈ પ્રસ્તાવ પસાર થયા નથી. તમે જો આ મુદ્દે સાથ નહિ આપો તો અમે બહુમતિથી આ પસાર કરીશુ.

આ મુદ્દો બહુમતિથી પસાર પણ કરાયો હતો. જો કે તેના પર મતદાન કરાયુ ન હતુ.

કલોલ તાલુકાના ૧૭ ગામો જે માણસામાં ભેળવવા માટેનો પ્રસ્તાવ કરાયો છે. તેમાં અલુવા, મુબારકપુર, લીંબોદરા, બાલવા, પ્રતાપપુરા, ઈટલા, આમજા, નાદરી, ચાંદીસણા, શોભાસણ, ધેધુ, સોજા, જામળા, પલીયડ, વેડા, ખોરજ(ડાભી) અને વાગોસણાનો સમાવેશ થાય છે.

જિલ્લાઓની પુનઃ રચનાનો મુદ્દા પર ગાંધીનગર જિલ્લા પંચાયતે તાલુકાઓની તડજોડ માટે આજે પ્રસ્તાવ પસાર કરતાં પુનઃ રાજકીય વિવાદ છેડાયો છે.

## હરિમંદિર અક્ષરધામ ખાતે શ્રીમદ્ ભાગવત ગીતા કપિલગીતા વિષય પર વ્યાખ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સ્થિત સુપ્રસિદ્ધ અક્ષરધામ મંદિરમાં શ્રીમદ્ ભાગવત કપિલગીતા તથા શ્રુતિગીત વિષય પર વ્યાખ્યાન ૨૮મી સપ્ટેમ્બર શનિવાર સાંજે ૪ થી ૭ કલાકે હરિમંદિર સભાગૃહ ખાતે યોજાશે.

અક્ષરધામની ત્રિમાસીક પ્રવચનમાળામાં કપિલગીતા અને શ્રુતીગીત વિષય પર પૂ. ભક્તિસાગરદાસ સ્વામી તથા શ્રુતી પ્રકાશદાસ સ્વામી ઉપસ્થિત રહીને જીવનમાં ઉપયોગી ભગવદ્ગીતાનું જ્ઞાન પોતાની શૈલીમાં શ્રોતાઓને આપશે.

## ઉપકુલપતિ નિમાયા

ડૉ. આર.એલ. ગોડારાની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ઉપકુલપતિ તરીકે નિમણુંક કરાઈ છે. ઉપકુલપતિશ્રીને પત્રવ્યવહાર માટે ઉપકુલપતિ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પોસ્ટ બોકસ નં.૨૧, પાટણ-૩૮૪૨૬૫નો ઉપયોગ કરવાનો રહેશે.

# શહેરના સેકટરોમાં ગાય, ગંદકી અને ગારાનું સામ્રાજય : વસાહતીઓ તોબા

## સતત વરસાદના લીધે કાદવ-કીચડ અને ગંદકીના લીધે રોગચાળાની દહેશત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સેકટરોમાં ગાય, ગંદકી અને ગારાનું સામ્રાજય જોવા મળે છે. સતત વરસતા વરસાદના લીધે સેકટરોની શેરીઓમાં ઉભરતી વરસાદી સમસ્યાઓથી આમ નાગરિકો તોબા પોકારી ગયા છે. સેકટરોમાં કયાંક વરસાદી પાણીનો ભરાવો તો કેટલાક ઠેકાણે કાદવ-કીચડની સાથે કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. જીવાત અને મચ્છરોના ઉપદ્રવ વચ્ચે રોગચાળાનો ખતરો મંડરાયો છે.

શહેરમાં સતત વરસતા વરસાદના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યાઓએ ઘેરાવો નાંખ્યો છે. વરસાદી વાયરાના લીધે સેકટરોમાં ચોમેર પાણી પાણી જોવા મળે છે. સેકટરોની સોસાયટીમાં સ્થિત કોમન પ્લોટમાં વરસાદી પાણી ઉભરાઈ રહ્યું છે ત્યારે સેકટરોના નવરાત્રિ મેદાનમાં પણ પાણી હીલોળા લેતું નજરે પડે છે. સેકટરોમાં રસ્તાઓ આસપાસ ગીચ ઝાડીમાં મોટું ઘાસ ઉગી નીકળે છે. વરસાદી પાણીના ભરાવા અને કાદવ કીચડની સાથે શેરીઓમાં રખડતા ઢોરો અડીંગો જમવતા રહીશો માટે અનેક સમસ્યાઓ ઉદભવી છે. સેકટરોમાં ગાય, ગારા અને ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. વરસાદી પાણીનો નિકાલ ન થતા મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. સેકટરોમાં મચ્છર ઉત્પત્તિ સ્થાનો ડામવા તંત્રએ ત્વરિત ઝુંબેશ હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. કાદવ કીચડ વચ્ચે ઠેર ઠેર કચરાના ઢગ ખડકાતા સેકટરમાં ગંદકીની સમસ્યા પેચીદી બની છે. બીજી તરફ વરસાદ પણ અટકવાનું નામ ન લેતા રહીશો તોબા પોકારી ગયા છે. સતત ટપકતા વરસાદના લીધે સેકટરોના મુખ્યમાર્ગો સહિત સકટરોના આંતરિક રસ્તાઓનું પણ ધોવાણ થયું છે. સેકટરોમાં નિયત સ્થળે મુકાયેલી કચરાપેટીઓ પણ ગંદકીનું કેન્દ્રસ્થાન બની છે.

# ભારે વરસાદથી મગફળી-કપાસને ભારે નુકશાનની ભીતી

ગાંધીનગર, તા.૨૬

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ થતાં કૃષિ ક્ષેત્રે કપાસ અને મગફળીના ઉભા પાકને ભારે નુકશાન થયું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી છે.

કૃષિ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સૌરાષ્ટ્રના જામનગર, જુનાગઢ, રાજકોટ, પોરબંદર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ભારે વરસાદ થતાં ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતાં. આ ઉપરાંત પવન સાથે ભારે વરસાદ થવાને કારણે ઉભો પાક પડી જતાં કૃષિ ક્ષેત્રે ભારે નૂકશાન થવા પામ્યું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી છે.

સૂત્રો પાસથી પ્રાપ્ત વિગતો મુજબ જામનગર, પોરબંદર, રાજકોટ અને જુનાગઢ જિલ્લામાં મગફળીનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે જયારે સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસનું સૌથી વધુ વાવેતર થાય છે.

આ જિલ્લામાં ભારે વરસાદ થતાં મગફળી અને કપાસના પાકને મોટું નૂકશાન થવા પામ્યું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી રહી છે. જો કે ખરેખર આ વરસાદને કારણે કેટલું નૂકશાન થયું તેનો અંદાજ વરસાદ રહી ગયા બાદ સર્વે હાથ ધરવામાં આવે ત્યારે જ નુકશાનીનો સાચો અંદાજ જાણવા મળે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વરસાદને કારણે કૃષિ ક્ષેત્રે અંદાજે ૧૫ થી ૨૦ ટકા જેટલું ભારે નુકશાન થયું હોવાની ભીતી વ્યકત કરવામાં આવી રહી છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૭
સૂર્યાસ્ત : ૬.૪૩

## તાપમાન

મહત્તમ : ૨૭.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૬ ટકા
વરસાદ ૧૬ મિ.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્કીન-૧ :
વૉર્નિંગ ૩-ડી(હિન્દી) : ૧૦.૩૫, ૧૨.૩૫, ૩.૧૫, ૮.૦૦, ૧૦.૨૦
ઈલ્યુશીયમ : ૫.૩૫
: સ્કીન-૨ :
ધ લન્ચ બૉક્ષ : ૧૦.૩૦, ૩.૨૦, ૫.૪૫, ૧૦.૩૫
ઈલ્યુશીયમ (હિન્દી) : ૧૨.૫૫, ૮.૧૦
: સ્કીન-૩ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્કીન-૪ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સીટી પ્લસ

: સ્કીન-૧ :
ફટા પૉસ્ટર નીકલા હીરાઃ ૩.૩૦, ૧૦.૦૦
: સ્કીન-૨ :
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૪.૪૫, ૧૦.૦૦
: સ્કીન-૩ :
ઈલ્યુશીયમ(અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦
: સ્કીન-૪ :
વૉર્નિંગ (૨-ડી) : ૧૦.૦૦, ૩.૧૫, ૫.૩૦
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦, ૮.૦૦, ૧૦.૧૫
: સ્કીન-૫ :
ધ લન્ચબૉક્ષ : ૧.૦૦
વૉર્નિંગ (૨-ડી) : ૩.૧૫
ફટા પૉસ્ટ નીકલા હીરો : ૬.૪૫
ગ્રાન્ડ મસ્તી : ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :
ગ્રાન્ડ મસ્તી: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્કીન-૨ :
વૉર્નિંગ : ૧૦.૪૫, ૪.૪૫, ૧૦.૪૫
ફટા પૉસ્ટર નીકલા હીરો : ૧.૪૫, ૭.૪૫
: સ્કીન-૩ :
સુપર મોડલઃ ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦
વૉર્નિંગ : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

મા-બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : માન- સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે. વ્યાપાર-વ્યવસાય સારો ચાલશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. લગ્નઈચ્છુકો માટે લગ્નનાં પ્રસ્તાવ આવશે. ધાર્મિક કાર્યો થશે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે.

**સિંહ** : સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**વૃશ્ચિક** : પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે. જૂના સંબંધો વધુ મજબૂત થશે.

**ધન** : વિચારેલું કાર્ય સમય પર થશે. અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

**મકર** : વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થસે. મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે.

**કુંભ** : નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે. વ્યાપારમાં મુશ્કેલીઓ વધે નહી તેની કાળજી રાખવી. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

**મીન** : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. જનકબા મંગલસિંહ પરમાર(ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૩૭૪/૧, સેકટર- ૨/ડી, ગાંધીનગર.
- સ્વ. નંદલાલ કપૂરચંદ ધોળકીયા(ઉ.વ.૮૧) પ્લોટ નં. ૧૨૬૯/૧, સેકટર- ૭/ડી, ગાંધીનગર.
- સ્વ. પૂજાબેન શંકાજી સોલંકી(ઉ.વ.૭૦) મુ.પો. રામનગર ડભોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શીવાભાઈ રેવનદાસ પટેલ(ઉ.વ.૭૪) બી.૨૪, પારીજાત હોમ, મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રણછોડભાઈ કેબાભાઈ પટેલ(ઉ.વ.૬૫) મુ.પો. વાસણા ચૌધરી, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ. રણજીતસિંહ કચરાજી ઠાકોર(ઉ.વ.૪૦) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.